# 'નિયાંપો'

શ્રી કચ્છી મિત્ર મંડળ
હૈદરાબાદનું મુખપત્ર

વર્ષ : ૧૭ અંક : ૨૦૪

પ્રમુખ
**ધનજી લખમશી સાવલા**
(નિ) ૨૪૭૫ ૩૮૯૪, ૯૩૯૧૦ ૫૨૮૦૩

માનદ્ મંત્રી
**અમૃતલાલ ભાણજી નિસર**
(નિ) ૨૪૭૫૫૫૭૪,૯૩૪૭૫ ૫૫૫૭૪

સંપાદિકા
**શ્રીમતી દર્શના દિનેશ દેઢિયા**
૬૬૪૬ ૩૬૯૫, મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદકો
**દિનેશ કલ્યાણજી ગોસર**
૯૩૯૧૧ ૯૯૦૧૧, ૯૨૪૬૧ ૯૯૦૧૧
**રમેશ મણીલાલ શાહ**
૨૪૭૫ ૧૮૭૫, ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન
૩-૫-૧૪૨, ઇડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોન : ૨૪૭૫ ૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩
email : hydkmm@gmail.com

*મુદ્રક*
**ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ ૯૫
ફોન ૬૬ ૭૮૦ ૭૮૦
કિંમત - રૂ. ૧/-

''નિયાંપો'' માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

ધનજી લખમશી સાવલા

આપણાં મંડળની ચાલીસમી વર્ષિક સામાન્ય સભામાં, સભ્યભાઈ બહેનોએ ઉત્સાહથી ચર્ચા વિચારણા તથા પ્રશ્નોત્તરીમાં ભાગ લીધો. સમાજહિતલક્ષી, આવી જાગરૂકતા અને સચોટ પ્રતિભાવ, કાર્યકર્તાઓને પ્રોત્સાહિત કરવા મદદ રૂપ થાય છે. સભ્યોનાં સૂચન અને સુઝાવ, મુખ્યત્વે, શિક્ષણ અને માવજત સમિતિઓને સંલગ્ન મળેલ છે. ત્યારબાદ, યોજાયેલ, કારોબારી તથા ટ્રસ્ટબોર્ડનાં સભ્યોની, સંયુક્ત સભાએ, જરૂરી સુધારા વધારા સાથે બહાલી આપતાં, સંલગ્ન સમિતિઓએ, પોતપોતાનાં, કાર્યક્ષેત્રને એ મુજબ વધાર્યા છે. નવાં કાર્યક્રમો, સમાજનાં સેવા ક્ષેત્રના વ્યાપને વિસ્તૃત કરે છે. જે થી સમાજના બહોળાવર્ગને જરૂરી અને નિશ્ચિત લાભ પહોંચી શકે. આવી નિતનવી સમાજહિતની યોજનાઓને સફળ કરવા, આવાજ કાર્યદક્ષ અને કુશળ કાર્યકર્તાઓની મહત્વની જરૂરત ઉભી કરે છે. આપણી કારોબારી સમિતિમાં જોડાયેલ યુવા કાર્યદક્ષ કાર્યકર્તાઓની કાર્યવાહીથી મંડળની સર્વાંગ કામગીરીનાં ઉલ્લેખનીય પરિણામોં આપણી નજર સમક્ષ છે જ. એટલે જ, યુવાન સભ્ય ભાઈ બહેનોએ, પોતપોતાનાં મનગમતાં સેવા ક્ષેત્ર માં જોડાવા, સ્વેચ્છાએ નિ:સંકોચ આગળ આવવું જરૂરી છે.

આવો, એક ડગલું આગળ ભરો, નવા ઉત્સાહ અને પુરુષાર્થથી, નવા વિચાર અને નવી યોજનાઓને વધાવી, મંડળની પ્રગતિને વધુ વેગવંતી અને ફળદાયી બનાવીએ.

ધર્મચાતુર્માસ બેસતાં જ, દરેક ધર્મસ્થાનકોમાં, તપસ્યા, ભક્તિ અને આરાધના આનંદભેર શરૂ થયાં છે. સમય મેળવી યથાશક્તિ લાભ લેશો.

## ❖ આ માસની ડાયરી ❖

| | |
|---|---|
| ૨૯-૭-૨૦૧૨, સાંજે ૫.૦૦ વાગે | શાંતિવન સમિતિ<br>મેલકોટે ગાર્ડન, નારાયણગુડા |
| ૦૪-૦૮-૨૦૧૨, સાંજે ૪.૦૦ વાગે | મહિલા સમિતિ<br>કચ્છી ભવન, રામકોટ |

હવે આપ વેબ સાઈટ ઉપર ''નિયાંપો'' વાંચી શકો છો
**http://www.asanjokutch.com/kutchhi-pub.asp**



## મંત્રીશ્રીનો અહેવાલ

અમૃતલાલ ભાણજી નિશર

જાુન માસ પૂરો થયો. ઊનાળાની રજાઓ પણ પૂરી થઈ. સ્કૂલ-કોલેજો ખુલતાં વિદ્યાર્થીઓ અભ્યાસમાં સ્થિર થયા હશે.

વાતાવરણમાં તાપમાનનો ઘટાડો જરૂર થયો છે, પરંતુ વરસાદ લાંબો ખેંચાતા જનતામાં નિરાશાની લાગણી ફેલાઈ છે. આશા રાખીએ, આગળનું ચોમાસું સર્વત્ર સફળ રહે.

ભવનનાં કાર્યો રાબેતા મુજબ થઈ રહ્યા છે. રીપેરીંગનું બાકી રહેલું કામ ચાલુ છે.

તા. ૧૭-૬-૨૦૧૨ નાં સવારે ૧૦.૩૦ કલાકે સાધારણ સામાન્ય સભાનું આયોજન શાંતિપૂર્વક અને સુવ્યવસ્થિત રીતે થયું.

કેટલાક સુઝાવો આવેલ છે. ડાયોગ્નોસ્ટીક સેંટર શરૂ કરવા વિચારણા થઈ રહી છે. પ્રમુખશ્રીએ જણાવ્યા મુજબ યુવા કાર્યકર્તાઓ આગળ આવે, જેથી મંડળની પ્રવૃત્તિઓને વેગ મળે. જે ભાઈ બહેનો સમય ફાળવી શકતા હોય તેઓ પ્રવૃત્તિઓની રૂચી પ્રમાણે તેનાં સંચાલકોનો સંપર્ક કરે અને પોતાની કાર્યદક્ષતા અને નિપુણતાનો મંડળને લાભ આપે. પ્રમુખશ્રીના આહવાનથી તે જ સમયે શ્રી હર્ષદભાઈ ધરોડ અને શ્રી હેમાંગભાઈ મોમાયાએ સહર્ષ તૈયારી બતાવી છે.

તેજ દિવસે એટલેકે, તા. ૧૭-૬-૨૦૧૨ ની સાંજે પાંચ વાગ્યે અષાઢીબીજની ઊજવણીનો કાર્યક્રમ સંગીતમય વાતાવરણમાં યોજાયો. સાથે સાથે વસ્તી પત્રકનાં વિમોચનનો કાર્યક્રમ તથા દાતાઓનાં સન્માનનો કાર્યક્રમ પણ આનંદ પૂર્વક યોજાયો.

તા. ૨૬-૬-૨૦૧૨ નાં કારોબારી તથા ટ્રસ્ટ બોર્ડની સંયુક્ત સભાનું આયોજન થયું. ડાયોગ્નેસ્ટિક સેંટર વિષે વિસ્તારથી વિગત મેળવવાનું નક્કી કરવામાં આવ્યું.



## શાંતિવન સમિતિ

સંચાલક : હંસકુમાર સાયલા
સહ સંચાલક : દામજી માવજી સાવલા

સહર્ષ જણાવવાનુ કે આગામી કાર્યક્રમમાં રવિવાર તા. ૨૯-૭-૨૦૧૨ સાંજના ઠીક ૫.૦૦ વાગે નારાયણગુડા સ્થીત "મેલકોટે ગાર્ડન"માં બધા વડિલ ભાઈ-બહેનોને ભેગા મળવાનું છે. ઉમરને અનુરૂપ વ્યાયામ માટેનું માર્ગદર્શન આપણાજ મંડળના સનિષ્ઠ કાર્યકર્તા તથા યોગા નિષ્ણાત શ્રી પ્રવિણભાઈ કાપડીયા દ્વારા સંગીતના સથવારે મેળવશું. કાર્યક્રમ પણી ચા-નાસ્તાની વ્યવસ્થા રહેશે.

**જન્માક્ષર ઉંડાણપૂર્વક અધ્યન કરી વર-કન્યા મેળાપક**
**કોમ્પ્યુટર જન્માક્ષર - ગુજરાતી તેમજ ૧૦ ભાષામાં બનાવી આપવામા આવશે...**
ઘર-દુકાન-ફેક્ટરી વાસ્તુ માર્ગદર્શન માટે મળો : જ્યોતિષાચાર્ય પં. ભરત ભટ્ટ (કચ્છી બ્રાહ્મણ)
૪-૩-૨૦૦, સાઈબાબા મંદિર પાછળ, કે.એસ.લેન, સુલતાન બાજાર, હૈદરાબાદ
ફોન. ૦૪૦-૨૪૭૬૦૯૪૯ (મો) ૯૪૪૦૪ ૯૮૩૦૮ email: bbastrobhatt@hotmail.com
(જા.ખ.)



## સંપાદકીય

સંપાદિકા : **શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**
સહ સંપાદકો : **દિનેશ કલ્યાણજી ગોસર, રમેશ મણીલાલ શાહ**

સાધારણ રીતે આપણે બધા ગાડરીયા પ્રવાહમાં ચાલવા ટેવાઈ ગયા છીએ. થોડોક પણ સુધારો કે કંઈ પણ બદલાવ આપણે સહી નથી શકતા. અને તેથીજ, પ્રગતિ પણ નથી સાધી શક્તા. પોઝીટીવ થીંકીંગ જ નથી ! બધી વાતમાં શંકા અને વિરૂદ્ધ વાતોજ કરવાની.

દા.ત. હૈદરાબાદમાં લોકલ ટ્રેનોની જ્યારે શરૂઆત થઈ, ત્યારે લોકોએ ઘણોજ ઉહાપોહ કર્યો, નિરૂપયોગી બતાવી. થોડા દિવસો સુધી ટ્રેન ખાલી ચાલતી હતી. પણ લોકોને જ્યારે તેનો ઉપયોગ સમજાયો ત્યારપછી હવે તે ભરચક જાય છે. આવુંજ મેટ્રો ટ્રેનનું પણ થઈ રહ્યું છે. હમાણા નકામી લાગતી મેટ્રો, સમય જતાં જરૂરી બની જશે.

આવુંજ પર્યાવરણ માટે પણ છે. ચાર ઝાડ સરકાર કાપશે તો ઉહાપોહ થશે પણ તેનાથી રસ્તો સુવીધાજનક બને છે તેની નોંધ નથી લેવાતી. આવો ઉહાપોહ કરનારા પહેલ કરી કદી બીજા ચાર ઝાડ વાવે છે ? ના ! ઝાડનો ઉપયોગ જે બળતણ માટે થતો તેની જરૂરત હવે વિજળી પૂરી કરે છે. અને સાથે સાથે ઘુમાડો ન થતો હોવાથી પ્રદુષણ પણ થતું નથી.

ઘણા લોકોને ફક્ત વિરોધ કરવો છે. પણ સીક્કાની બીજી બાજુ જોઈને સહકાર નથી આપતા. આવીતો ઘણી સમસ્યાઓ છે. જો સાચી દિશામાં વિચાર કરશું તો પ્રગતિ તરફ જઈશું. નહીંતો યુવા વર્ગ જે બદલાવ ઈચ્છે છે તે નિરૂત્સાહી થઈ બીજે (બીજા દેશોમાં) સ્થાઈ થઈ જશે અને આપણે હતા ત્યાં ના ત્યાં.

માટે ચાલો આપણે સંકલ્પ કરીએ કે ગાડીરીયા પ્રવાહમાં ન તણાતા નવીનતાને અપનાવીએ.

*શ્રી કનકેશ્વરી કૃપા*

**લક્ષ્મી પુજન, ચોપડા પુજન, શારદાપુજન, સત્યનારાયણ કથા, હવન, પીતૃકાર્ય, શાંતિ હવન, જન્માક્ષર પરથી, માર્ગદર્શન આપનાર સર્વ પૂજા કાર્ય કરનાર**

સંપર્ક : પુજારી નરેશકુમાર ભટ્ટ (ખંભાતવાળા)

**સેલ : ૯૨૯૧૪ ૫૩૧૨૪, ૮૮૯૭૬ ૬૪૦૨૫**

(જા.ખ.)



***દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :***

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

**ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.**

**નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯**

(જા.ખ.)

## SHANTI PRIMARY SCHOOL

**"EDUCATION IS SIMPLY THE SOUL OF A SOCIETY AS IT PASSES FROM ONE GENERATION TO ANOTHER"**

By: Swami Vivekanand

Our school re opened on 6th June2012 after the summer vacation. It is always a pleasure to watch the young tiny tots coming back to school and new ones joining to take small steps to share life with new friends. It is a fulfilling experience for teachers to look after small children and bring smiles on their faces.

For the coming academic year a whole lot of new activities have been planned for the children. It sure will be fun to go back to school!

**I am glad to share with all of you that it has been decided to reimburse the total school fees for the deserving students of members of KMM.**

Members whose wards are studying in our school are requested to contact Shikshan Samiti Sanchalak or KMM office for further details.

We sincerely hope more and more deserving families come forward and take advantage of this offer to educate their children.

PS: We require Montessori trained teachers for Nursery ,LKG ,UKG Please contact Mrs Vasudha -Principal Ph: 040-27566477

VIPUL H NISAR, Correspondent

## KMM RAMAT GAMAT SAMITI

Dear sports lover,

Your wait for the daily indoor sports sessions has finally come to an end Pull up your socks to avail the benefits of Kmm's own sports Facilities & Equipments from 6th July 2012 between 6.00 am to 8.30 am daily

Equipments Currently Available:

**BADMINTON**
**TABLE TENNIS**
**CARROMS**
**CHESS**

**FOR MORE DETAILS CONTACT :**

**Kunal Haria - 99890 77774**
**Kavit Sanghvi - 80990 23836**
**Ramesh Savla - 90000 00092**


**શ્રી ઘનશ્યામ જે. ભટ્ટ (ગુજરાતી મહારાજ)**

**શ્રી સત્યનારાયણ કથા, રાંદલ માતા, લોટા લગ્ન, ગ્રહપ્રવેશ, નક્ષત્ર શાંતિ, પિતૃદોષ, મેળાપક, જન્માક્ષર, કુંડલી તથા દરેક પ્રકારની**

**ધાર્મિક પૂજા વિધી માટે સંપર્ક:**

**C/o. K.P. Shreevastav, # 4-5-662, First Floor, Opp. St. Pauls School, Kutbiguda, Hyderabad - 27**
**Mobile : 99895 11627, 90007 98770**

(જા. પ્ર.)

# KMM YUVA SAMITI

## (HYDERABAD)

*in association with*

Kalpana Trading Co.

*and support from*

**Bluestar Rubber Products**
**Indian Emporium**
**Shree Shanti Selection**
**Vishal Cutpiece Centre**

*is organising a full day adventurous camp on Sunday, 29th July 12 at*

**SUMMER GREEN RESORT**

**:: FACILITIES AVAILABLE AT THE VENUE ::**

**ADVENTURE:** *Commando Net | Burma Bridge | Archeries | Wall Climbing | Rappelling | Spider Web | Double Rope | Cargo Net | Zip Liner | Caterpillar Walk | Commando Walk | Sky Walk | Mission Impossible*

**INDOOR GAMES:** *Billiards | Carroms | Chess | Punch Bag | Soccer |Air Hockey*

**OUTDOOR GAMES:** *Two sizes of Swimming Pool | Rain Dance with DJ | Water Zorbing | Water Polo | Cricket Net | Grass/Beach Volley Ball | Shuttle | Cycling | Two Hole Golf Club | Basket Ball | Foot Ball*

**for registration contact:**

**Kunal Haria 99890 77774 | Vishal Mehta 99083 09996**
**Bijal Sanghvi 80995 43214 | Gaurav Gada 98490 56838**

ENTRIES STRICTLY RESTRICTED TO KMM MEMBERS ONLY ON FIRST COME FIRST BASIS

# મહિલા સમિતિ

સંચાલિકા : **ખુશાલી જયેશ નાગડા**
સહ સંચાલિકા : **હીના હીતેન નાગડા**

રજાઓ પૂરી થઈ, સ્કુલ અને કોલેજ પાછી શરૂ થઈ અને મારી સૌ સખીઓ સાથે હું પણ પાછી રૂટીનમાં ગોઠવાઈ ગઈ અને હવે આવી રહી છે, રંગબેરંગી તહેવારોની મૌસમ અને જામી ગયું છે ચૌમાસુ. ત્યાં શ્રી કચ્છી મિત્ર મંડળ મહિલા સમિતિ પ્રસ્તુત કરે છે એક સપ્તરંગી કાર્યક્રમ.

જીવનમાં બધું જોઈએ, પણ છતાં મહિલાઓને બધા વગર ચાલે પણ એના વગર ન ચાલે, એ વસ્તુ કઈ ? ?

## T.V.

તે પ્રસ્તુત છે આ નિર્જીવ વસ્તુ પર દેખાતા સજીવ પાત્રોની એક અનેરી પ્રતીયોગીતા, STAR PLUS, SONY T.V. SAB T.V., ZEE T.V., COLORS, આ પાંચ CHANNELS પર આવતી રોજની અને બધીજ મહિલાઓની મનગમતી Prime Time Serials નો Fancy Dress Competition.

આ પ્રતિયોગીતામાં ભાગ લેનાર ગ્રુપને સિરીયલ મુજબ માહોલ તૈયાર કરવાનો રહેશે, અને દરેક ગ્રુપમાં ઓછામાં ઓછા ૩ (ત્રણ) અને વધીને ૫ (પાંચ) જણા ભાગ લઈ શકશે. તમારી પ્રસ્તુતી અઢી (૨.૩૦) થી ત્રણ (૩) મિનીટની હોવી જરૂરી છે.

પહેરવેશ તથા પ્રસ્તુતી મુજબ પોઈન્ટ્સ આપવામાં આવશે. ૧૫ વર્ષથી નીચેના બાળકો પણ ભાગ લઈ શકશે.

જે બહેનોને Fancy Dress Competition માં Solo Part લેવો હોય તેઓ કોઈ પણ પૌરાણીક (Mythological) અથવા ઐતીહાસીક (Historical) પાત્ર ભજવી શકે છે, તેઓને પણ પહેરવેશ, તથા (એક) મિનીટની પ્રસ્તુતી મુજબ Points આપવામાં આવશે.

તા. ૨૫-૭-૨૦૧૨ ને બુધવાર સુધી નામ લખાવવા ખાસ વિનંતી. અલ્પાહાર ની વ્યવસ્થા રાખેલ છે અને Food Coupon તથા Lucky Draw Coupon ફક્ત ૪.૩૦pm સુધી આપવામાં આવશે. ત્યાર પછી આવનારને Food Coupon નો ચાર્જ લાગશે.

આ કાર્યક્રમનો એક વિશેષ આકર્ષણ છે, એક ખુબજ મહત્વની અને અગત્યની જાણકારી, એ જાણવા અને આ કાર્યક્રમની લહેજત માણવા જરૂર પધારજો, **તા. ૪-૮-૨૦૧૨ ને શનિવારના** સાંજના ૪.૦૦ વાગે કચ્છી ભવનમાં. મહિલા સમિતિના દરેક કાર્યક્રમમાં બધીજ બહેનોએ ખુબજ હર્ષ ઉલ્લાસથી ભાગ લીધો છે, તો હવે ફરી એક વખત તમને મોકો મળ્યો છે, તમારી પ્રતિભાને ઓળખો અને દીલ ના કોક ખુણે છુપાયલા તમારા અરમાનો પૂરા કરો, અને જીવનને ભરપૂર જીવી લો.

નામ લખાવવા સંપર્ક કરો : **Khushali Jayesh Nagda - 92465 22476, Heena Hiten Nagda - 93976 57343, Jayshree Bhavesh Gala - 99890 78986.**


DEEPAK MAVJI DHAROD Cell : 98490 53458

**BHAVANA TOURS & TRAVELS**

RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally Hyd-20

(જા.ખ.)

## વસ્તીપત્રક સમિતિ

સંચાલક : અરવિંદ કેશવજી છેડા ૯૩૯૧૦ ૦૭૨૭૭

જેની આપણે સૌ આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા એ **"વસ્તી પત્રક ૨૦૧૨"** નું વિમોચન ભરચક માનવમેદની વચ્ચે રવિવાર તા. ૧૭-૬-૨૦૧૨ ના રોજ શ્રી કચ્છી ભવનમાં કરવામાં આવ્યું.

લગભગ ૫૦૮ પેજ, સુંદર સફાઈ દાર પ્રિન્ટીંગનું કામ, કુટુંબની જરૂરી તમામ વિગતોનો સમાવેશ, સુંદર ફોટા જેનાથી ઓળખાણ સરળ થાય. એવું માહિતી સભર દળદાર વસ્તી પત્રકનું કાર્ય એટલું સરળ ન હતું. કેટલાક કિસ્સાઓમાં સામેથી સંપર્ક કરી માહિતી મેળવી, ૭૭૧ પરિવાર ની માહિતી ધરાવતું આ વસ્તીપત્રકનું સમાજને પ્રદાર્પણ કરવામાં આવ્યું અને સમાજે એની કદર પણ કરી અમને સંખ્યાબંધ અભિનંદનોની વર્ષા થઈ. લગભગ ૭૦ ટકા વસ્તીપત્રકનું વિતરણ ૨ વખતમાં કરવામાં આવેલ છે. આ આખી પ્રક્રિયા દરમ્યાન અમારા સહ સંચાલકોએ ખૂબજ મહત્વનો ભાગ ભજવેલ જેમાં શ્રી પંકજ હીરજી સાવલા, શ્રી હરેશ હેમરાજ દેઢિયા, શ્રી લહેરચંદ ટોકરશી લોડાયાનો હું ખૂબજ આભારી છું, અને પ્રિન્ટીંગનું સુંદર કામ કરવા બદલ શ્રી પંકજ દેઢિયા (મહાવીર પ્રિન્ટર્સ) નો ખૂબજ આભાર.

સૌથી મહત્વની વાત, આ વસ્તી પત્રક ૨૦૧૨ ના મુખ્ય દાતા **માતુશ્રી મણીબેન રતનશી પ્રેમજી ગોગરી (નાંગલપુર) પરિવાર નો** આભાર.

આ વસ્તીપત્રક આપના હાથમાં આવી ગયું હશે. સંજોગોવશાત્ આપના પરિવારની માહિતીમાં કોઈ પણ ક્ષતિ રહી ગઈ હોય તો લેખિતમાં જાણ કરવાથી પ્રસિધ્ધ થનાર સી.ડી.માં સુધારી લેવામાં આવશે. ઉપરાંત ટૂંક સમયમાં પ્રસિધ્ધ થનાર "સંપર્ક સેતુ" (ટેલીફોન ડિરેક્ટરી) જેના દાતા **શ્રી મણીકાંતભાઈ મેઘજી મોમાયા પરિવાર** છે, એમાં પણ સરનામાં / ટેલીફોન નંબર ફેરફારને સુધારી પ્રસિધ્ધ કરવામાં આવશે. આપને કંઈપણ ઉમેરો કરાવવો હોયતો પણ એમાં થઈ શકશે.

ઈ-મેલ દ્વારા આપના પરિવારની વિગત આપને મોકલવામાં આવશે. જેમાં કોઈપણ ફેરફાર હોય તો આપ રીપ્લાય ઈ-મેલ દ્વારા અમને મોકલી આપશો. આપની વિગતો બરાબર હોયતો OK કરીને પણ ઈ-મેલ મોકલશો. અમારૂં ઈ-મેલ એડ્રસ આ પ્રમાણે છે. E-mail : kmmhydsamparksetu@gmail.com. બાકી રહેલ વસ્તીપત્રકનું વિતરણ રવિવાર તા. ૮-૭-૨૦૧૨ તેમજ તા. ૧૫-૭-૨૦૧૨ નાં સવારનાં ૧૦.૩૦ થી ૧.૦૦ વાગ્યા સુધી કચ્છી ભવનમાં કરવામાં આવશે. તો આપશ્રીને વિનંતી છે કે આપનાં પરિવારની કોપી ઉપરોક્ત સમય પ્રમાણે મેળવી લેશો. વસ્તીપત્રકના વિતરણમાં સહાયરૂપ થનાર શ્રી પ્રેમચંદ કેશવજી છેડા અને શ્રી દિનેશ કલ્યાણજી ગોસર નો આભાર.

વસ્તી પત્રક પરિવાર દીઠ એકજ કોપી આપવામાં આવશે. જેને વધારાની કોપી જોઈતી હોય તેના માટે રૂ. ૫૦૦/- કોપી દીઠ ચાર્જ રાખવામાં આવેલ છે.


### ભાડે આપવાનું છે

**કલ્પતરૂ એપાર્ટમેંટ,** ઈડનબાગ, રામકોટ, હૈદરાબાદ (જા.ખ.)

૩ ફ્લોર માં સીંગલ બેડ રૂમ, કીચન તથા હોલ સાથે. ✆ **97036 90124**

## SIKSHAN SAMITI

Sanchalak : **Dirgesh Hirjee Nishar**
Cell : 093938 79797

The only way to do great work is to love what you do.

**Hearty Congratulation :** The results for the Academic Year 2011 - 12 have been declared. I Congratulate all the students for their Excellent Performance in their respective exams. The process for the admission for new Academic Year has started and I wish all the success to all the students for the coming academic year 2012-2013.

Shikshan Sahayata : The programme is started and many students have already submitted their applications. As declared in the General Body Meeting, we have increased the respective amounts payable for the fees. The application forms are available at K.M.M. office.

Effective Public Speaking Course : Effective Public Speaking Course shall be conducted at Kutchi Bhavan from 20th July to 24th July. Timings : 5.30 to 9.00 p.m. for children and youngsters in the age around 15 to 25 years. This course will be taken by our own experienced member Shri Tarachand M. Dharod Only 25 on First Come First candidate basis will be taken. Please register your names with the Sanchalak or with Shri Tarachand Bhai on 98490 17752

Silver and Gold Medal : The meritorious students who have scored above 75% in 10th and 12th standard and above 70% in Graduation shall be honored by awarding them Gold Medals and Silver Medals. The form for the same is printed below. Please fill the form and send the same to K.M.M. Office.

### FORM FOR SILVER / GOLD MEDAL

Name of the Student ____________________ Father's Name ____________________

Grand Father's Name ____________________ Surname ____________________

Village in Kutch ____________________ Ph. / M. No. ____________________

Passed in Standard ____________________ School / College ____________________

Total Marks obtained ____________________ Percentage of Marks ____________________

Signature of Student Signature of Parent

Date : Membership No. of Parent

1) Photocopy of this form can be used for additional entries.
2) Send forms and mark sheet for standard 10th and above only,
3) For Intermediate and degree, enclose mark sheet for all the years.

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

**આશ્રમ માટે દાન**

| | | |
|---|---|---|
| રૂ. | ૫૦૦/- | એક સદગ્રહસ્થ |
| રૂ. | ૫૦૦/- | સ્વ. ગંગાબેન આશારીયા માલદે પૂણ્યતિથી |
| રૂ. | ૨૫૧/- | સ્વ. વેરશી વસનજી ધરોડ |

**હોસ્પીટલ માટે દાન**

| | | |
|---|---|---|
| રૂ. | ૫૦૦/- | એક સદગ્રહસ્થ |

**ગૌશાળા માટે દાન**

| | | |
|---|---|---|
| રૂ. | ૫૦૦/- | ધ્રુવી-જૈનીલ પંકજ દેઢીયા |
| રૂ. | ૫૦૦/- | સ્વ. તન્વી નરેશ વોરાની પુણ્યતિથી નિમિત્તે |
| રૂ. | ૫૦૦/- | સ્વ. ગંગાબેન આશારીયા માલદે પૂણ્યતિથી |
| રૂ. | ૫૦૦/- | એક સદગ્રહસ્થ |
| રૂ. | ૧૦૦૦/- | સ્વ. રાજેન્દ્ર અમીચંદ વોરા |
| રૂ. | ૨૫૧/- | સ્વ. વેરશી વશનજી ધરોડ પૂણ્યતિથી |
| રૂ. | ૨૫૧/- | શ્રી ત્રીકમચંદ વેલજી |
| રૂ. | ૫૦૦/- | ડૉ. મીતલ મૃદુલ ધરોડ - પેડીયાટ્રીક એમ.ડી. ફાઈનલમાં ઉત્તીર્ણ થતાં શ્રીમતી ચંદ્રીકા નવીન તરફથી |

**ડાયાલીસીસ માટે (એક ડાયાલીસીસના રૂ. ૫૦૦/- લેખે)**

| | | |
|---|---|---|
| ૫ | ડાયાલીસીસ | શ્રીમતિ સ્મીતા નરેન ગોસર જન્મદિવસ નિમિત્તે |
| ૨ | ડાયાલીસીસ | શ્રી વિનોદભાઈ જગજીવન શાહ |
| ૧ | ડાયાલીસીસ | શ્રીમતિ સોનલ જીતેશ ગાલા લગ્ન દિવસ નિમિત્તે |
| ૧ | ડાયાલીસીસ | શ્રી જશ જીતેશ ગાલા જન્મદિવસ નિમિત્તે |
| ૧ | ડાયાલીસીસ | સ્વ. તન્વી નરેશ વોરા પુણ્યતિથી નિમિત્તે |
| ૧ | ડાયાલીસીસ | શ્રીમતિ હીના હીતેન સંગોઈ |

**જાનવરોની વયાવચ્ચ**

| | | |
|---|---|---|
| રૂ. | ૧૫૦૦/- | શ્રી જગદીશ વિરજી ગાલા |

૧૦૦ કિલો ચોખા અને ૨૦ કિલો દાળ સ્વ. ચંપાબેન નવિનચંદ્ર ભેદાના સ્મર્ણાર્થે હઃ સખીમીલનની બ્હેનો તરફ થી. મે ૨૦૧૨ મહીનાનું અનાજનું કલેક્શન ૨૮૦ કિલો ચોખા, ૩૫ કિલો દાળ પ્રાપ્ત થયા છે જેનું વિતરણ વિવિધ આશ્રમોમાં કરવામાં આવેલ છે.

જાનવરો બચાવવા માટે કોન્ટેક્ટ નં. ૯૩૯૧૫ ૩૮૦૯૮ (હેમા), ૯૮૪૯૯ ૯૩૩૭૪ (જોશીજી)

**Donate Eyes - Live Twice**

## માવજત સમિતિ

સંચાલક : કીર્તિ ટોકરશી કાપડિયા ૯૩૯૧૦ ૧૨૯૬૯

માવજત સમિતિ સહર્ષ રજૂ કરે છે. સભ્ય પરિવારોના હિતાર્થે નીચે મુજબની યોજનાઓ, જેનો અમલ તા. ૧-૭-૨૦૧૨ થી શરૂ થશે.

૧) **મેડિક્લેમ ઈન્શ્યુરેન્સ :** જે સભ્યની માસિક આવક રૂ. ૧૫,૦૦૦/- સુધીની હોય તેમના કુટુંબના એક સભ્ય કે જેની ઉંમર ૪૫ વર્ષ સુધીની હશે તેનો રૂ. ૧,૫૦,૦૦૦/- નો મેડિકલ ઈન્શ્યુરન્સ મંડળ તરફથી કરવામાં આવશે. અરજી સાથે ૧) આવકનું સર્ટિફિકેટ ૨) એડ્રેસ પ્રુફ ૩) ડેટ ઓફ બર્થ નું પ્રુફ ૪) બે પાસપોર્ટ સાઈઝ ફોટો.

૨) **Diagnostic Testing :** સભ્ય તથા એના પરિવારજનો હૈદરાબાદના કોઈપણ ડાયગ્નોસ્ટિક સેંટરમાં ટેસ્ટ કરાવી બીલ ઉપર ૨૫ ટકા મજરે મેળવી શકશે. આ માટે ૧ ) ઓરિજીનલ બીલ તથા ડોક્ટરના પ્રીસ્કીપસન ઝેરોક્ષ કોપી લાવવાની રહેશે ૨) સભ્યદીઠ બીલ રૂ. ૫૦૦૦/- થી વધારે હશે તો રૂ. ૫૦૦૦/- સુધીની રકમ ઉપર ૨૫ ટકા મજરે મળશે. ૩) બીલનું પેમેન્ટ એક મહિનાની અંદર મજરે લેવાનો રહેશે. ૪) બીલ ઉપર સભ્ય (પરિવારજન) તથા ડોક્ટરનું નામ હોવું જરૂરી છે. મજરે ભવનની ઓફિસથી કોઈપણ વર્કીંગ દિવસ ના સવારના ૯.૦૦ થી ૧૦.૩૦ સુધીમાં મળશે.

૩) **નાણાકિય સહાય :** જરૂરિયાતમંદ સભ્ય કે એના પરિવારજનો હોસ્પિટલમાં સારવાર અર્થે જાય તો દાખલ થવા પહેલાથી અરજી કરવાની રહેશે, તથા મેડિકલ ઈન્શ્યુરન્સ છે કે નહીં તે પણ જણાવવાનું રહેશે. અરજી આવ્યા બાદ સમિતિ તથા ડોક્ટર ટીમની સલાહ મુજબ રકમની ચુકવણી ફક્ત ચેક દ્વારા હોસ્પિટલના નામથી કરવામાં આવશે. ઈમરજન્સીમાં દાખલ થનારે સારવાર દરમ્યાનજ અરજી કરવાની રહેશે. અને સહાયનો ચેક હોસ્પિટલના નામથીજ આપવામાં આવશે.

૪) **C.C. Shroff Hospital** : માં આપણા ઘણા સભ્ય પરિવાર સારવાર અર્થે જાય છે. ત્યાં કોઈપણ પ્રકારે મદદ કરવા સમિતિના સભ્યો શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા તથા શ્રી હિતેનભાઈ સંગોઈ સેવા આપશે.

ઉપર જણાવેલી કોઈપણ યોજનામાં કંઈપણ ફેરફાર કરવાનો પૂરો અધિકાર માવજત સમિતિને રહેશે.

## સંસ્થા સમાચાર

❖ **શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતી મહાજન - હૈદ્રાબાદ :** સહર્ષ જણાવવાનું કે શ્રી હૈદરાબાદ કચ્છી દશા ઓસવાલ મિત્ર મંડળના નામનો નવિનીકરણ થઈ આષાઢી બીજ કચ્છી નવવર્ષના દિવસે તા. ૨૧-૬-૨૦૧૨ ના નવા નામે રજીસ્ટ્રેશન થયેલ છે. જેથી હવે સંસ્થા શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતી મહાજન - હૈદરાબાદના નામે ઓળખાશે જેની નોંધ લેવા વિનંતી.

આજકાલ રોડ ઉપર ટ્રાફીક જામથી બચવા ૪ વીલર કરતા ૨ વીલર વધારે કામ આવે છે. ૨ વીલર સ્કૂટી વગેરે શીખવા માટે સંપર્ક કરો.
સંપર્ક : ૯૯૬૬૯ ૯૧૦૯૩, ૬૬૬૨ ૭૫૨૯

(જા. ખ.)



# મનોરંજન સમિતિ

સંચાલક : પંકજ હીરજી સાવલા
ફોન : ૯૮૪૯૭ ૪૭૬૨૫

અષાઢી બીજ કચ્છી નવ વર્ષ નિમિત્તે એક મ્યુઝીકલ કાર્યક્રમ **"દીલ ને ફીર યાદ કીયા સીઝન - ૨"** રવિવાર તા. ૧૭-૬-૨૦૧૨ ના દિવસે કચ્છીભવનમાં આયોજન કરવામાં આવેલ.

આપણા આમંત્રણને માન આવી મુંબઈથી આપણા કચ્છી કલાકાર **શ્રી મણીલાલભાઈ છેડા** પધારેલ. એમના સુમધૂર ગીતો અને ગઝલોની મનમોહક રજુઆતથી નવવર્ષની ઉજવણી યાદગાર બની રહી.

કાર્યક્રમ વરસાદની ઝરમર વચ્ચેપણ સમયસર ૫.૦૦ વાગ્યે શરૂ કરવામાં આવેલ, પ્રત્યેક ઉપસ્થિત મેમ્બરનું સ્વાગત ચાંદલા અને ગોળધાણાથી કરવામાં આવેલ.

ભરચક પ્રેક્ષકોની હાજરીમાં ગીત અને સંગીતનો નોનસ્ટોપ પહેલા અંકનો કાર્યક્રમ ૮.૦૦ વાગ્યા સુધી, સૌ કોઈએ માણ્યો.

ત્યારબાદ વસ્તી પત્રકનું વિમોચન કરવામાં આવેલ. ચા-નાસ્તાથી શરૂ થયેલ કાર્યક્રમમાં જમવાની અને ચાપાણીની વ્યવસ્થા મિત્ર મંડળ દ્વારા કરવામાં આવેલ. જમવાની લીજ્જત માણી ફરી વાર મ્યુઝીકલ પ્રોગ્રામનો બીજો અંક રાત્રે ૧૦.૩૦ વાગ્યે શરૂ કરવામાં આવેલ જે રાત્રે ૧.૦૦ વાગ્યા સુધી અવિરત ચાલુ રહ્યો જેમાં પ્રમુખ, ઉપપ્રમુખ, માનદ મંત્રી અને કમીટી ના બીજા સદસ્યો ની હાજરીએ અનોખો રંગ જમાવ્યો.

સાથે સાથે ચાય કોફીની લીજ્જત રાતના. ૧.૦૦ વાગ્યા સુધી અવિરત ચાલતી રહી.

શ્રી મણીલાલ ભાઈના ગીત અને ગઝલોની હૃદયસ્પર્શી રજુઆતથી ઉપસ્થિત સૌ કોઈ આફ્રિન થઈ ગયેલ અને નીચે મુજબ પુરસ્કાર ઘોષીત કરેલ

શ્રીમતિ મણીબેન રતનશી ગોગરી રૂા. ૫૦૦૧/-, શ્રીમતિ કસ્તુરબેન ધનજી સાવલા રૂા. ૫૦૦૧/- તથા શ્રીમતિ લતાબેન મણીકાન્ત મોમાયા રૂા. ૫૦૦૧/-. કમિટી, દાતા પરિવારોનું અનુમોદન કરે છે. સમિતિ સાંજના ચાય-કોફીથી લઈ રાત્રી ચાય-કોફી અને જમવાનું સુંદર આયોજન કરવા બદલ શ્રી હેમાંગ મણીકાન્ત મોમાયાનો આભાર સાથે કાર્યક્રમમાં સાથ આપનાર દરેક કાર્યકરનો હૃદયપૂર્વક આભાર માને છે.

Nitin Gala
99630 10657

**Sri Ridhi Sidhi Snacks & Khakras**

Sunita Gala
94408 75034

Specialist In : Tomato Sticks, Sezwan Sticks, All types of Sev, Ghatiya, Chewda, Bhakharwadi, All Varieties of Sada Khakras, Diet Khakra, Mobile Khakra, Special Masala, Chora Phari, Nachni Etc.

Contact : **NITIN GALA**
# 4-1-10, C/3-24, Pragati Society, Opp. Wesley Church,
Tilak Road, Hyderabad - 1

Bulk Order
Free Home
Delivery

(સૌ.મ.)

## સભ્યપદ સમિતિ

સંચાલક : **મનીષ મગનલાલ સાવલા**

સહ સંચાલકો : **હરેશ હેમરાજ દેઢિયા, લહેરચંદ ટોકરશી લોડાયા**

સહર્ષ જણાવવાનું કે મંડળની ૨૬-૬-૨૦૧૨ના મળેલ સંયુક્ત સભામાં જુન મહિનાનાં ૧૦ વ્યક્તિઓની આજીવન સભ્યપદની અરજીઓને મંજૂર કરવામાં આવેલ છે.

| | નામ | ગામ | મેમ્બરશીપ નંબર |
|---|---|---|---|
| ૧ | કુમાર મિહીર અતુલ ગાલા | ગોધરા | M/1010/6/12 |
| ૨ | શ્રીમતિ કેતકી અતુલ ગાલા | ગોધરા | K/1011/6/12 |
| ૩ | શ્રીમતિ મંજુલા શીવપ્રસાદ લોડાયા | વારાપધાર | M/1011/6/12 |
| ૪ | શ્રીમતિ સ્વરૂપા કુશલ લોડાયા | વારાપધાર | S/1009/6/12 |
| ૫ | કુમારી પ્રિયંકા શીવપ્રસાદ લોડાયા | વારાપધાર | P/1006/6/12 |
| ૬ | શ્રીમતિ જ્યોત્સના ગૌતમચંદ લોડાયા | વારાપધાર | J/1002/6/12 |
| ૭ | શ્રીમતિ જીગ્ના રીતેશ ગડા | સાભરાઈ | J/1003/6/12 |
| ૮ | શ્રીમતિ ડૉ. રાજશ્રી પ્રીયન શાહ | માંડવી | R/1003/6/12 |
| ૯ | શ્રી જીતેશ ધીરજલાલ શાહ | મુંદ્રા | J/1004/6/12 |
| ૧૦ | શ્રી ધીરજ રામજી સાવલા | બાડા | D/1007/6/12 |

ઉપરોક્ત સર્વે સભ્યોને મંડળવતી હાર્દિક અભિનંદન...


# WANTED

*Wanted Sales executive with knowledge of electrical Trade & Accountant with knowledge of Vat, TDS, Service Tax etc and full knowledge of computers.*

CONTACT :

**ARIHANT DISTRIBUTORS**

(Anchor House, Ramkote) Phone : 2475 3597

(જા. ખ.)

## શ્રી અચલગચ્છ જૈન સંઘ, હૈદરાબાદ (સિટી)

શ્રી શાંતિનાથ જિનેશ્વરધામ, કાચીગુડા, હૈદરાબાદ ફોન ૦૪૦-૨૭૫૫૧૬૦૫, ૬૫૯૭૬૭૫૫

## ચાતુર્માસ આરાધનાની ઝલક

| | | |
|---|---|---|
| આષાઢ સુદ ૪ તા. ૨૨-૬-૨૦૧૨ | : | પ.પૂ. સાધ્વીશ્રી સમયગુણાશ્રીજી મ.સા. અને પ.પૂ. સાધ્વીશ્રી શ્રૃતગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ નો મંગલ પ્રવેશ |
| શ્રાવણ સુદ ૫ તા. ૨૩-૭-૧૨ | : | માસઘર - માસ ખમણ ચાલુ |
| શ્રાવણ વદ ૫ તા. ૦૬-૮-૧૨ | : | અક્ષયનીધી સમવસરણ, ચૌદ પૂરવ, સોળ ભત્તો શરૂ. |
| શ્રાવણ વદ ૬ તા. ૦૭-૮-૧૨ | : | પક્ષધર |
| શ્રાવણ વદ ૧૩ તા. ૧૪-૮-૧૨ | : | પર્યુષણ મહાપર્વ પ્રારંભ |
| ભાદરવા સુદ ૫ તા. ૨૧-૮-૧૨ | : | સાંવત્સરીક પ્રતિક્રમણ |
| ભાદરવા વદ ૫ તા. ૫ થી ૨૫-૯-૧૨ | : | વિમલનાથ ભગવાનના જાપ કરાવવામાં આવશે. ૨૧ દિવસના આયંબિલ થી કરવાના છે. દ્વિ. ભાદરવા સુદ ૧૧ ના પૂરા થશે |
| દ્વિ. ભાદરવા સુદ ૧૨ તા. ૨૬-૯-૧૨ | : | વિમલનાથ ભગવાનની વંદનાવલી |
| દ્વિ. ભાદરવા સુદ ૧૫ તા. ૨૯-૯-૧૨ | : | ગચ્છાધિપતી પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા. નો ૮૦મોં જન્મ દિવસ. એ દિવસે સમુહમાં દેસાવગાસિક સામાયિક રાખવામાં આવશે. સમય સવારના ૯ થી ૧૧.૩૦ |
| ભાદરવા વદ ૧૪ તા. ૧૪-૧૦-૧૨ | : | પ.પૂ. આ.ભ. ગુણસાગર સૂરિશ્વરજી મ.સા. ની ૨૪ મી પુણ્યતિથી નિમીત્તે ચૌદસ, અમાસ, એકમ, અઠમ તપ કરાવામાં આવશે. |
| ભાદરવા વદ ૧૪ તા. ૧૪-૧૦-૧૨ | : | ચારિત્ર વંદનાવલી |
| ભાદરવા વદ ૩૦ તા. ૧૫-૧૦-૧૨ | : | પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગર સૂરિશ્વરજી ની પૂજા ભણાવવામાં આવશે |
| આસૌ સુદ ૧ તા. ૧૬-૧૦-૧૨ | : | પ.પૂ.સા.શ્રી નિરંજનાશ્રીજી મ.સા. ની ત્રીજી પુણ્યતિથી નિમીત્તે અરિહંત વંદનાવલીનો કાર્યક્રમ રાખવામાં આવશે અને ૩૬ લકી ડ્રો કાઢવામા આવશે. |
| આસો સુદ ૭ તા. ૨૧ થી ૨૯-૧૦-૧૨ | : | શાશ્વત નવપદની ઓળી પ્રારંભ |
| આસો વદ ૧૩ ધનતેરસ તા. ૧૧-૧૧-૧૨ | : | મહાવીર વંદનાવલી નો કાર્યક્રમ |
| આસો વદ ૧૪ કાળી ચૌદસ તા. ૧૨-૧૧-૧૨ | : | મહાકાળી માતાજીની પૂજા |
| આસો વદ ૩૦ દિવાળી તા. ૧૩-૧૧-૧૨ | : | જાપ |
| કારતક સુદ ૧ તા. ૧૪-૧૧-૧૨ | : | સલુણી સવારના ગૌતમસ્વામીનું રાસ વંચાશે. દેરાસરનું દ્વાર ઉદ્‌ઘાટન કરવામાં આવશે અને શ્રી ગૌતમ સ્વામીનું પૂજન |
| કારતક સુદ ૨ તા. ૧૫-૧૧-૧૨ | : | પૂજન |
| કારતક સુદ ૩ તા. ૧૬-૧૧-૧૨ | : | પૂજન |
| કારતક સુદ ૪ તા. ૧૭-૧૧-૧૨ | : | શ્રી પાર્શ્વ પદ્માવતી પૂજન |
| કારતક સુદ ૫ તા. ૧૮-૧૧-૧૨ | : | સરસ્વતી પૂજન |
| કારતક સુદ ૧૫ તા. ૨૮-૧૧-૧૨ | : | સિધ્ધાચલની ભાવ યાત્રા કરાવામાં આવશે. ૧૦૮ ખમાસમણા બાલ શિબિર દર રવિવારે ૨.૩૦ થી ૩.૩૦ |

(જૂ. મ.)

# જીવન ચક્ર

## સગપણ

| | | |
|---|---|---|
| ચિ. વિરલ અતુલ સાવલા | વાંકી | હૈદરાબાદ |
| ચિ. જીતેન લક્ષ્મીચંદ છેડા | વડાલા | વલસાડ |

## લગ્ન

| | | |
|---|---|---|
| ચિ. ચિરાગ રતીલાલ પ્રેમજી છેડા | લાયજા | હૈદરાબાદ |
| ચિ. પૂર્વી પ્રફુલ આણંદજી ગાલા | ભોજાય | સાંગલી |
| ચિ. ફાલ્ગુની ભવાનજી પાસડ | શેરડી | હૈદરાબાદ |
| ચિ. ભાવેશ વસંતલાલ ટોકરસી વોરા | સમાઘોઘા | મુંબઈ (USA) |

## અવશાન

| | | |
|---|---|---|
| રાણબાઈ પ્રેમજી ગડા | ઉ.વ. ૮૮ | મોટા આસંબિયા |
| ખરાશંકર જોષી | ઉ.વ. ૮૨ | જખૌ |

## અભિનંદન

Heartly Congratulations to **Dr. Meetal Mrudul Dharod**
D/o. Smt. Chandrika Navin Premji Rambhia (Gundala)
for securing 65% in final exam of MD Pediatrics held in May 2012
(NTR University of Health Sciences)



## CHANGE OF ADDRESS

1) **Manoj Hansraj Nagda**
401, 4th Floor, 3-4-827,
Sri Surabhi Laxmi Apts., Barkatpura,
Hyderabad 500027.
Ph : 93911 37786 (Manoj Shah)
93963 61450 (Jaya M. Shah)
93929 30281 (Chandrakant Shah)
E-mail : manoj6571@gmail.com

2) **Kishore Maganlal Dedhia**
Flat No. 301, Megh Malhar Apartment,
2-2-1146/B, New Nallakunta,
Opp Brahman Hostel, Hyderabad 44.
Ph : 99530 00397 (Kishore Dedhia)
(R) 040-6516 9590

3) **Hiren Navinchandra Vira**
3-3120/G, Adhar, Chappal Bazar,
Kachiguda, Hyderabad - 500 027
97040 67616

4) **Bhavesh Tarachand Heniya**
3-4-512/72, Barkatpura, Flat 302,
Balaji Classic, Hyderabad - 500 027
75695 45210 (Bhavesh)
75695 45211 (Bhavini)

5) **Harish Naryanaji Bhanushali**
Flat No. B-2 & B-3, Meeraniketan Apt.,
3-3-835/2, Kutbiguda,
Hyderabad - 27

6) **Vasantlal Damji Dedhia**
401, DMR Heights, 4-5-533, to 561,
Near Badi Chowdi Sabji Market,
Sultan Bazar, Hyderabad - 500 027
93962 83343 (Vasant Dedhia)
93910 40161 (Vipul Dedhia)
98493 40161 (Nilesh Dedhia)

**જીવન માં રક્તદાન, મૃત્ય પછી નેત્રદાન**

**ઝાડ વાવો, હરિયાલી લાવો**

# વિવિધા

## આરોગ્યની ઘરગથ્થુ ચાવીઓ હવે ક્યાંક ખોવાઈ ગઈ છે.

અત્યારના ફાસ્ટફૂડના જમાનામાં જો સ્વસ્થ રહેવું હશે તો તેને અમલમાં મૂક્યા વિના છુટકો નથી. આ પંક્તિઓમાં સ્વસ્થ રહેવાના ખૂબ સાદા નિયમો વણી લેવામાં આવતા, અને જો તેનું પાલન કરવામાં આવે તો બહુ જ સ્વભાવિક રીતે શરીર નરવું રહે તેમ અનુભવીઓ અધિકારપૂર્ક કહે છે. નાનાપણમાં મારી બા પાસેથી આવી અનેક કંડિકાઓ સાંભળી છે. એટલી બધી વાર સાંભળી છે કે લગભગ કંઠસ્થ થઈ ગઈ છે. આ પંક્તિઓમાં આરોગ્ય અંગેની જે ધારદાર વાતો કરવામાં આવી છે તે અહીં યથાતથ મુકી છે.

મગ કહે હું લીલો દાણો, મારા ઉપર ચાંદું,
નિત્ય સેવન મારું કરતો માણસ ઉઠાડું માંદું.
તાવ કહે તુરિયામાં વસું,
ગલકા દેખી ખડખડ હસું,
ખાય દહીં-મૂળો ને ખાટી છાશ
તેને ઘેર મારો વાસ.
લીમડા દાતણ જે કરે, નરણે હરડે ખાય,
દૂધે વાળું જે કરે તે ઘર વૈદ ન જાય.
આંખે ત્રિફલા દાંતે લૂણ,
પેટ ન ભરીએ ચારે ખૂણ
દૂધી કહે હું લાંબી લિસ્સી, દિલ મારું છે છાલ,
સ્વાદ ને બળ લાવવા, નાખ ચણાની દાળ
મધ સ્વાદે મિષ્ટ પણ ખાવું નહીં ઘણું,
વીસ ગ્રામ બાળકને અને પુખ્તવયનાને બમણું.
ફૂદીનો સુંગધીદારને રુચિકર પણ ઘણો,
કફનાશક ને વળી કામનાશક પણ ઘણો.
વરિયાળી મુખવાસ કે ભૂખ જરા હળવાશ,
કફનાશક ગરમ કોઠા મહી આશિષ સમી છે એ.

કૂણી કૂણી કાકડી ને ભાદરવાની છાશ,
તાવ સંદેશો મોકલે આજ આવું કે કાલ.
આંબલિમાં ગુણ એક છે, અવગુણ પૂરા વીસ,
લીંબુમાં અવગુણ એક નહીં, ગુણ છે પૂરા વીસ.
મરડો માઠો રોગ, ઘણી વેદના થાય,
હરડે-સાકર ચૂર્ણની પાંચ ફાકીએ જાય.
જંતુનાશક ફટકડી, રસનાયિક ગુણવાન,
સ્વાદે તૂરી હોય છે, કમ દામ ને મૂલ્યવાન.
બલિહારી તુજ બાજરી જીના લાંબાં પાન,
પાંખું આવીયું, બુઢા થયા જવાન.
રાતે વહેલા જે સૂએ વહેલા ઊઠે વીર,
બલ બુદ્ધિ અને ધન વધે, સુખમાં રહે શરીર.
ચા-કોફી ને કોકો વહેલી પડાવે પોકો,
ના સમજે તેને રોકો, જરૂર પડે તો ટોકો
પીળા રંગની રસોઈની હળદર,
વાત-પિત્ત, કફ પર થાય દમદાર.
ભોજન પહેલાં સદા પથ્ય આદુ લવણ-મિશ્રિત,
લગાડે ભૂખ, રુચિ દે, દે કંઠ જીભે વિશુદ્ધતા.

ઉપરની ૧૭ કંડિકાઓમાં આખુંય આરોગ્ય વિજ્ઞાન સમાઈ જાય છે. હકીકતમાં તો આપણને આપણા રસોડામાં જે દાળ-કઠોળ ઉપલબ્ધ છે તેની ઉચ્ચ ગુણવત્તાની સાચી માહિતી જ નથી. નાનપણમાં બા બટેટાનું છાલવાળું શાક કરતી અને કહેતી કે બટેટું જે નુકસાન કરે તે તેની છાલ નિર્મળ કરે. મગની ફોતરા વગરની દાળની ગુણવત્તાની તો શું વાત કરવી ? આવી દાળનો એક વાટકો પીઓ તો એક ઈંડાંમાંથી જેટલી તાકાત મળે એટલી તાકાત આ દાળમાંથી મળે. દાંત માટે મીઠાનો ઉપયોગ એ રામબાણ ઉપાય છે. આધુનિક બ્રશ કરતાં લોકોને એક સૂચન કરવું છે. સવારે બ્રશને સહેજ ભીનું કરી તેના પર સૌપ્રથમ થોડું મીઠું ભભરાવીને તે પર પેસ્ટ લગાડ્યા પછી બ્રશ કરી જોજો. દાંતને વિશેષ ચળકાટ આપોઆપ મળશે અને મજબૂતી પણ પ્રાપ્ત થશે.

સંકલન : **ખુશાલ લક્ષ્મીચંદ ગાલા**

# Generic Drug in Government hospitals continue to struggle

તા. ૨૯-૬-૨૦૧૨ના હિન્દુ અખબારમાં આવેલ આ લેખમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે નામાંકિત કંપનીઓ ની દવા કરતા જનરીક દવા એજ ફોર્મ્યુલામાં ૬ થી ૭ ગણ ઓછા ભાવમાં મળે છે ફક્ત આનો પ્રચાર નથી થતો. લોકોમાં જાગૃતિ નથી આવી મધ્યમ વર્ગ કે સામાન્ય વર્ગમાં આની જાણકારી મળે તો એમને ઘણી બચત થઇ શકે. માહિતિ માટે કોષ્ટક માં ભાવની સરખામણી કરવામાં આવી છે. ઈન્દરબાગ, સુલતાન બજાર માં પણ આ દવાઓ મળે છે.

The Jeevandhara project, despite all good intentions of providing cheaper options to costly drugs, is yet to catch up among the public.

The State government's effort to promote consumption of generic drugs in the State Capital is going nowhere. At least, this is what one can sense after a visit to the first Jeevandhara outlet at Osmania General Hospital (OGH). The project, despite all good intentions of providing cheaper options to costly drugs, is yet to catch up among the general public. And even among doctors.

The generic drug shop, Jeevandhara, at OGH, surely manages to attract a few. But the medical store, just located besides it and selling only branded drugs, is brimming with customers. Patients are practically jostling for attention of the pharmacist, who looks harried because of the rush.

Why the hesitancy ? why is it that patients, despite having a drug store nearby that offers medicines for 50 percent less, flock to a branded medical store ?

